**<u>-:- આંક – ૧ હેઠળ હુકમ -:-</u>**

(૧) હાલની અરજી અરજદારે ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા (બી.એન.એસ.એસ.) ૨૦૨૩ ની કલમ-૪૯૭ અને ૫૦૩ મુજબ ફ્રોડની રકમ પરત મેળવવા માટે કરેલી છે. અરજીના કામે વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા. આ કામે કેસની ટુંકી હકિકત એવી છે કે, અરજદારનાં **(1) STATE BANK OF INDIA** નાં ખાતા નં. **44167671052** તથા **(2) AXIS BANK** નાં ખાતા નં. **921010012042790** માંથી સાયબર ફ્રોડ દ્વારા રકમ સામાવાળાનાં **(1) DCB BANK** નાં ખાતા નં. **11814900000213** માં ગયેલ રૂા. ૧,૦૦૦/- + રૂા. ૫,૦૦૦/- + રૂા. ૧૫,૪૦૦/- + રૂા. ૬,૮૦૦/- મળી રૂા. ૨૮,૨૦૦/- તથા **(2) INDIAN BANK** નાં ખાતા નં. **6368102536** માં ગયેલ રૂા. ૧,૯૦૦/- મળી કુલ્લે રૂા. ૩૦,૧૦૦/- ટ્રાન્સફર થયેલ. જેથી અરજદારે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવતા ટીકીટ નં. **31101260017583** આપવામાં આવેલ છે અને સામાવાળાનાં ઉપરોકત બેંક ખાતા ફ્રિઝ કરવામાં આવેલ છે અને તેમાં રહેલ રૂા. ૩૦,૧૦૦/- ફ્રિઝ કરવામાં આવેલ છે, જે રકમ અરજદારે હાલની અરજી દ્વારા પરત માંગેલ છે જે અંગે સાયબર ક્રાઈમ/નવસારી ટાઉન પોલીસ સ્ટેશન, નવસારીનો અભિપ્રાય મંગાવતા તેઓએ અભિપ્રાય મોકલી આપેલ છે કે, અરજદાર સાઈબર ક્રાઈમનો ભોગ બનેલ હોય અને સામાવાળાનું ઉપરોકત ખાતુ ફ્રિઝ કરવામાં આવેલ છે અને તેમાં રહેલી અને ફ્રિઝ થયેલી રકમ અરજદારને સુપ્રત કરવામાં આવે તો વાંધો નથી. વિશેષમાં ત.ક. અધિકારીએ જણાવેલ છે કે, સામાવાળાનું ખાતુ બનાવટી હોવાનું જણાઈ આવે છે કારણ કે સદરહું ખાતુ સીઝ કર્યા બાદ ખાતેદાર કે અન્ય

કોઈ વ્યકિતએ ખાતુ સીઝ કર્યા બાબત પોલીસ સમક્ષ કોઈ વાંધા–તકરાર લીધેલ નથી. આમ, ત.ક. અધિકારીના અભિપ્રાયને ધ્યાને રાખતાં જે ખાતામાં ફ્રોડની રકમ ગયેલ છે તે ખાતું ફ્રિઝ કરવા છતાં તે અંગે કોઈ ખાતેદારે વાંધો ઉઠાવેલ નથી જે પરથી જણાય છે કે, આ ખાતુ ફ્રોડ કરવા માટે જ ખોલાવવામાં આવેલ હશે અને પોતાનુ ફ્રોડ પકડાઈ ન જાય તે માટે ખાતુ સીઝ કરવા છતાં ખાતેદારે પોલીસનો સંપર્ક કરેલ નથી જેથી પ્રથમદર્શનીય રીતે જણાય છે કે આ ખાતુ ફ્રોડ માટે જ ઓપન કરવામાં આવેલ હશે. જેથી આ ખાતામાં ફ્રિઝ થયેલી રકમ અરજદારના ખાતામાંથી ફ્રોડ દ્વારા ટ્રાન્સફર થયેલ હોવાથી તે રકમ અરજદારના ખાતામાં પુન: ટ્રાન્સફર કરવી જરૂરી છે અને તે રકમ અરજદારને તે રીતે પરત કરવી ન્યાયી અને યોગ્ય જણાય છે જેથી આ અરજી હેઠળ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

૧. સામાવાળાનાં ઉપરોકત ખાતા સાયબર ક્રાઈમ દ્વારા સીઝ કરી તેમાં રહેલ રકમ ફ્રિઝ કરવામાં આવેલ છે જે **રૂા. ૩૦,૧૦૦/–** અરજદાર **દેવાંશ નિરવકુમાર ભટ્ટ** (ટીકીટ નં. 31101260017583) ના **STATE BANK OF INDIA** નાં ખાતા નં. **44167671052** ખાતામાં ટ્રાન્સફર કરવા માટે **(1) DCB BANK (2) INDIAN BANK** ને આદેશ કરવામાં આવે છે.

૨. સામાવાળાના ઉપરોકત ખાતા ફ્રિઝ કરેલ હોવાથી અરજદારના ખાતામાં ઉપરોકત રકમ ટ્રાન્સફર કરવા પુરતુ આ ખાતુ એકટીવ કરવુ અને ઉપરોકત રકમ અરજદારના ખાતામાં ટ્રાન્સફર થઈ ગયા બાદ આ ખાતું કાયમી માટે કલોઝ (બંધ) કરવાનો આદેશ **(1) DCB BANK**

**(2) INDIAN BANK** ને કરવામાં આવે છે જેથી ભવિષ્યમાં આ ખાતા દ્વારા અન્ય લોકોની સાથે ફ્રોડ કરવામાં આવે નહિ.

**૩.** આ હુકમની અમલવારી કરવા માટે સાયબર ક્રાઈમ/નવસારી ટાઉન પોલીસ સ્ટેશન, નવસારી નાઓએ અરજદાર તથા સામાવાળાની બેંક સાથે સંકલનમાં રહી હુકમની અમલવારી કરવી.

**૪.** હુકમની એક નકલ અરજદારને આઈ.ડી. કાર્ડ રજુ કર્યેથી સુપરત કરવી.

હુકમ આજરોજ તારીખ. ૦૯[મી] માહે : માર્ચ સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરીને જાહેર કર્યો.

સ્થળ : નવસારી.
તા. ૦૯/૦૩/૨૦૨૬.

**(એ. સી. મલેક)**
બીજા અધિક ચીફ જ્યુ. મેજી.,
નવસારી. GJ-01131